# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-05-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- રાજ્યની વડી અદાલતે રાજકોટમાં ગેમઝોનમાં લાગેલી આગની દુર્ઘટના માટે રાજ્ય સરકારને આવતીકાલે સુનાવણીમાં હાજર રહેવા જણાવ્યું...
- રાજકોટ આગ ઘટના માટે ગેમઝોનના માલિક સહિત છ લોકો સામે ફરિયાદ નોંધાઇ- બે લોકોની ધરપકડ..
- કેન્દ્ર સરકારે મૃતકોને બે લાખની અને રાજ્ય સરકારે ચાર લાખની સહાય, તો ઇજાગ્રસ્તોને 50 હજારની સહાય જાહેર કરી..
- રાજ્યમાં આજે જેઇઇની એડવાન્સ પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઇ..
- રાજ્યમાં ગરમીમાં આંશિક રાહત જોવા મળી...

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RAJKOT- HC SUO MOTO

રાજ્યની વડી અદાલતે રાજકોટમાં TRP ગેમઝોનમાં લાગેલી આગની ઘટના અંગે સુઓમોટો દાખલ કરી છે. હાઈકોર્ટે આ અકસ્માતને માનવસર્જિત ઘટના ગણાવી છે અને કહ્યું છે કે, આયોજકોની બેદરકારીને કારણે નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે.

તેમની ખંડપીઠે રાજકોટ, વડોદરા, સુરત અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજ્ય સરકારને નોટિસ પાઠવીને આવતીકાલે સુનાવણીમાં હાજર રહેવા જણાવ્યું છે.

ન્યાયમૂર્તિ બિરેન વૈષ્ણવ અને દેવેન દેસાઈની ખંડપીઠે આજે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને પૂછ્યું હતું કે, તેઓએ આ ગેમિંગ ઝોનને ચલાવવા માટે કાયદાની કઈ જોગવાઈ હેઠળ મંજૂરી મેળવી છે. બેન્ચે કહ્યું કે, ગેમિંગ ઝોનના નિર્માણ અને સંચાલન માટે યોગ્ય નિયમોનું પાલન કરવામાં આવ્યું નથી.

હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશનના વડા બ્રિજેશ ત્રિવેદી અને એડવોકેટ અમિત પંચાલે બેંચને જણાવ્યું હતું કે અકસ્માતમાં લગભગ 28 લોકોના મોત થયા હતા. આ આંકડો વધવાની પણ શક્યતા છે. લોકો એટલા ગંભીર રીતે દાઝી ગયા છે કે તેમને ઓળખવા પણ મુશ્કેલ છે. હાઇકોર્ટ અને સુપ્રિમ કોર્ટે ફાયર સેફ્ટીના મુદ્દે અલગ-અલગ અરજીઓ પર સૂચનાઓ આપી છે છતાં આવી ઘટનાઓ બની રહી છે. ટીઆરપી ગેમ ઝોન પાસે ફાયર સેફ્ટી એનઓસી નથી.

હાઈકોર્ટે એડવોકેટ એસોસિએશનના વડા બ્રિજેશ ત્રિવેદીએ સીટીંગ જજ દ્વારા આ મામલાની તપાસની માંગ કરી હતી.

# RAJKOT- RAJU BHARGAV PC.

રાજકોટ ગેમ ઝોનમાં આગની ઘટનામાં રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં 6 લોકો સામે ફરિયાદ નોંધવામાં આવી છે. ફરિયાદમાં ગેમઝોનના માલિક યુવરાજ સિંહ સોલંકી, પ્રકાશ સોલંકી, ધવલ ઠક્કર, અશોકસિંહ જાડેજા, કિરીટસિંહ જાડેજા, રાહુલ રાઠોડના નામ સામેલ છે. ક્રાઈમ બ્રાન્ચે ગેમ ઝોનના માલિક યુવરાજસિંહ સોલંકી સહિત બેની ધરપકડ કરી છે.

રાજકોટ શહેરના પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે જણાવ્યું કે, 2 લોકોની ધરપકડ કરવામાં આવી છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમ અન્યોની ધરપકડ કરવા માટે કામે લાગી છે.

### (બાઇટ- રાજુ ભાર્ગવ)

## PM/ CM- RAJKOT

રાજકોટ ગેમઝોન ઘટના અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉંડા દુઃખની લાગણી વ્યક્ત કરી. શ્રી મોદીએ કહ્યું કે, રાજકોટની ઘટનાથી અત્યંત વ્યથિત છું. જેમણે આ દુર્ઘટનામાં પ્રિયજનોને ગુમાવ્યા છે તેમની સાથે છુ અને આગમાં થયેલા ઇજાગ્રસ્તો માટે પ્રાર્થના કરું છું. રાજકોટની ઘટનામાં કેન્દ્ર સરકારે મૃતકોના દરેક પરિવારને બે- બે લાખ રૂપિયાની અને ઇજાગ્રસ્તોને 50-50 હજાર રૂપિયાની સહાય જાહેર કરી છે.

તો રાજ્ય સરકારે મૃતકોના પરિવારજનોને ચાર લાખની અને ઇજાગ્રસ્તોને પચાસ હજારની સહાયની જાહેરાત કરી છે.. મુખ્યમંત્રીએ ઇજાગ્રસ્તો જલ્દીથી સાજા થાય તેવી પણ કામના કરી હતી...

## RAJKOT- SIT

રાજ્યના ગૃહવિભાગે રાજકોટના ગેમઝોન ઘટનાની તપાસ માટે પાંચ સભ્યોની એસઆઇટીની રચના કરી છે, જેના અધ્યક્ષ સી.આઇ.ડીના અધિક

પોલીસ મહાનિદેશક સુભાષ ત્રિવેદી છે. અન્ય સભ્યોમાં જુદા જુદા ક્ષેત્રના નિષ્ણાંતોની નિમણૂંક કરવામાં આવી છે.

રાજકોટ ગેમઝોનની ઘટનાની તપાસ કરીને પ્રાથમિક અહેવાલ 72 કલોકમાં રજૂ કરવાનો રહેશે. આ ઘટનામાં તપાસ ટીમે તમામ પાસાનો અભ્યાસ કરવાનો રહેશે અને તેનો વિસ્તૃત અહેવાલ રાજ્ય સરકારને 10 દિવસમાં રજૂ કરવાનો રહેશે.

દરંમિયાન, રાજકોટ TRP ગેમઝોનમા આગની દુર્ઘટના મામલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ખાસ તપાસ ટુકડી- SIT ના સભ્યો સાથે રાજકોટ હીરાસર એરપોર્ટ ખાતે બેઠક કરી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રીએ SITના સભ્યોને ઝડપી અને નિષ્પક્ષ તપાસ માટે આપ્યા આદેશ છે.

## GANDHINAGAR- FSL DNA REPORT

ગાંધીનગરની એફએસએલમાં રાજકોટ ગેમઝોનના મૃતકોના પરિજનોનું ડીએનએ પરીક્ષણ પૂર્ણ થયું છે. મૃતકોના પરિવારજનોના ડીએનએ પરીક્ષણ બાદ મૃતદેહોના પરીક્ષણ કરવામાં આવશે.

અમારા ગાંધીનગરના પ્રતિનિધી દુર્ગેશ મહેતા જણાવે છે કે, આજે રાત્રે આઠ વાગ્યે મૃતદેહોના ડીએનએ પરીક્ષણ પૂર્ણ થશે. ત્યારબાદ પરિવારજનો અને મૃતકોના ડીએનએનું મેચિંગ કરવામાં આવશે.. આવતીકાલે બપોર પછી ડીએનએ પરીક્ષણ મેચીંગ પૂર્ણ થશે. જેમ જેમ ડીએનએ પરીક્ષણ પૂર્ણ થશે તેમ તેમ પરીક્ષણના રિપોર્ટ રાજકોટ મોકલવામાં આવશે, જેથી કરીને પરિવારજનોને મૃતદેહોને સોંપી શકાય.

## RAJKOT- VEPARI ASSO. BANDH

રાજકોટમાં ગેમઝોનમાં આગની ઘટનામાં 28 વ્યક્તિઓના મૃત્યુ નિપજ્યા હતા. રાજકોટ શહેરના લોકોએ આ અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. આ ઉપરાંત

રાજકોટ શહેરના જુદા- જુદા વેપારી એસોસિયેશન અને સંગઠનોએ પણ ઉંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે.

આવતીકાલે રાજકોટના સોની બજાર, પેલેસ રોડ, ગુંદાવાડી વિસ્તાર સહિતના વેપારી એસોસિએશન દ્વારા સ્વયંભુ અડધો દિવસ કામકાજ બંધ રાખીને આગની દુર્ઘટનામાં મૃત્યુ પામેલા દિવંગતોને શોકાજંલિ અર્પણ કરાશે..

# GAME ZONE BANDH- DIST.

રાજકોટની ગેમઝોનની દુર્ઘટના બાદ હવે રાજ્યભરના શહેરોમાં જ્યાં જ્યાં ગેમઝોન ચાલી રહ્યાં છે, તેની તપાસ કરવાના રાજ્ય સરકારે આદેશ આપ્યા છે..

અમદાવાદ મહાનગરપાલિકાની હદમાં ચાલતા ગેમિંગ ઝોનમાં અમદાવાદ મહાનગરપાલિકાની ટીમો પહોંચી હતી અને ફાયર સેફ્ટી, એનઓસી સહિતની વિવિધ બાબતોની ચકાસણી કરી હતી..

જ્યારે ગાંધીનગર શહેરમાં ત્રણ ટીમો દ્વારા 16 જગ્યાએ ગેમિંગ ઝોનની ચેકિંગ હાથ ધરવામાં આવી હતી.. ચેકીંગ દરમિયાન ટીમ ગેમઝોન પહોંચે તે અગાઉથી જ ગેમઝોન બંધ થઇ ગયા હતા. ગાંધીનગરમાં ત્રણ ગેમઝોન બંધ કરાવાયા છે.

તાપીના વ્યારા તાલુકાના ટિચકપૂરા ખાતે આવેલ ગેમઝોન અને સિનેમાઘરોમાં તપાસ હાથ ધરાઈ હતી.. ફાયરના સાધનો તેમજ આગને કારણે બહાર નિકળવાના માર્ગની વ્યવસ્થાની ચકાસણી કરાઈ હતી..

જામનગરમાં પણ અલગ અલગ વિભાગો દ્વારા શહેરના ગેમઝોનની તપાસ હાથ ધરવામાં આવી હતી. અલગ અલગ 14 ગેમ ઝોનને બંધ કરવામાં આવ્યા છે.

વલસાડના 6, મોરબીમાં ચાર, ભાવનગરમાં ત્રણ અને મહેસાણામાં એક ગેમઝોન બંધ કરવામાં આવ્યાં છે.

જ્યારે સુરતમાં પણ ફાયરની ટીમ દ્વારા ગેમઝોનની ચકાસણી કરવામાં આવી હતી..તેમજ તકેદારીના ભાગરૂપે ફાયર સેફ્ટીની રજેરજની માહિતી મેળવવામાં આવી હતી..

આ ઉપરાંત ગોધરા, સુરેન્દ્રનગર, ભાવનગર, ભરૂચ, પોરબંદર, કચ્છ જેવા શહેરોમાં પણ તપાસ કરવામાં આવી હતી..

## . RAJKOT- Burns Ward

આગની ઘટનામાં મોટાપાયે દાઝી જવાના કેસને ધ્યાનમાં રાખીને તાત્કાલિક સારવાર માટે રાજકોટની પીડીયુ ખાતે 100 બેડની ક્ષમતાવાળો બર્ન્સ વોર્ડ ઉભો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બર્ન્સ સર્જરીના નિષ્ણાંત ડોક્ટરો, તાલીમ પામેલ નર્સોને રાજકોટ બોલાવવામાં આવી છે. ટ્રાન્સપોર્ટ ઝડપી બનાવવા 20 જેટલી 108 એમ્બ્યુલન્સ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

રાજકોટ શહેર પોલીસ તંત્રએ અગમચેતીના પગલારૂપ શહેરના તમામ ગેમઝોન બંધ કરવાનો આદેશ કર્યો છે. રાજ્ય સરકારે પણ મહાનગરપાલિકાઓને સમગ્ર રાજ્યમાં ચાલતા ગેમઝોનની તપાસ અને ચકાસણી માટેના આદેશ આપવામાં આવ્યા છે.

## PATAN- 9D YAN

પાટણ રીજીયોનલ સાયન્સ સેન્ટર ખાતે ગુજરાતનું પ્રથમ 9ડી ફ્લાઇટ સિમ્યુલેટર યાન બનાવવામાં આવ્યું છે. પાટણ રીજીયોનલ સાયન્સ સેન્ટરના નિયામક ડો. સુમિત શાસ્ત્રીએ જણાવ્યું છે કે, આ યાનમાં પર્યટકો બેસે એટલે અવકાશમાં જઇ રહ્યા હોય તેવી તેમને અનુભૂતિ થાય છે.

**(બાઇટ- ડો. સુમિત શાસ્ત્રી)**

## JEE ADVANCE

રાજ્યમાં આજે જેઇઇની એડવાન્સ પરીક્ષા યોજાઇ હતી. ગુજરાતમાંથી આશરે 10 હજાર જેટલા વિદ્યાક્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. સવારે સાડા નવ વાગ્યાથી સાડા બાર વાગ્યા સુધી અને બપોરે અઢી વાગ્યાથી સાડા પાંચ વાગ્યા દરમિયાન જુદા જુદા બે પેપરોની પરીક્ષા લેવામાં આવી હતી. પરીક્ષાર્થીઓ સવારે સાડા આઠ વાગ્યે પરીક્ષા કેન્દ્રમાં પહોંચી ગયા હતા.

અમદાવાદ બોપલના ટીસીએસ કેન્દ્ર પર યોજાયેલી પરીક્ષામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા માટે પહોંચ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ જેઇઇની મેઇન્સ પરીક્ષા આપી ચૂકેલા વિદ્યાર્થીઓએ જેઇઇ એડવાન્સ પરીક્ષા માટે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. આ પરીક્ષા દેશમાં આઇઆઇટી અને એનઆઇટી જેવી પ્રતિષ્ઠિત ઇન્સ્ટીટ્યુટ પ્રવેશ મેળવવા માટેની છે.

## WEATHER UPDATE

ગુજરાતમાં છેલ્લા ઘણા દિવસોથી કાળઝાળ ગરમી પડી રહી હતી. પરંતુ આજે સવારથી રાજ્યમાં ગરમીમાં આંશિક રાહત મળી રહી છે.. આગામી પાંચ દિવસ દરમિયાન તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી ઘટવાની શક્યતા છે.

હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, આજે દિવસ દરમિયાન અમદાવાદમાં સૌથી વધુ 43.2 ડિગ્રી સેલ્સિયસ, ગાંધીનગરમાં 43, અમરેલીમાં 42.4 ડિસામાં 42.3 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.. જ્યારે આવતીકાલથી રાજ્યના કેટલાંક ભાગોમાં 25થી 30 કિલોમીટરની ઝડપ પવન ફૂંકાય તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા દર્શાવાઇ છે...

## NEWS IN BRIF

## અને હવે રાજ્યના કેટલાંક મહત્વના સમાચાર સંક્ષિપ્તમાં...

❖ સીમા સુરક્ષા દળ દ્વારા યોજાયેલ ત્રણ દિવસના બૂટ કેમ્પનું સમાપન .... રક્ષા શક્તિ યુનિવર્સિટીના 20 વિદ્યાર્થીઓએ ભાગ લીધો...

❖ દ્વારકામાં 51 જેટલી સલાયાની ગેંગ વિરૂદ્ધ ગુજસી ટોકનો ગુનો નોંધાયો ... ચોરી, લૂંટ, મારા મારી, પોલીસ સાથે ઘર્ષણ સહિતના ગુના આચરનારા નવ વ્યક્તિઓ પર પોલીસની તવાઇ..

❖ વડોદરામાં રાજ્ય યોગ બોર્ડ દ્વારા સમર યોગ કેમ્પ યોજાયો .... 1500 બાળકોએ ભાગ લીધો..

❖ અમદાવાદની મણીનગર સ્થિત કુમકુમ સ્વામિનારાયણ મંદિર ખાતે રાજકોટ ગેમઝોન દુર્ઘટનાના મૃતકોને શ્રધ્ધાંજલી અપાઇ..

❖ અંબાજીની યજ્ઞશાળામાં બ્રાહ્મણોએ મહામૃત્યુંજયના જાપ કરી રાજકોટ અગ્નિકાંડમાં મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલી પાઠવી અને ઇજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેની કામના કરી હતી.

❖ ભાવનગરમાં ૨૪ પ્રજ્ઞાચક્ષુ પરિવારોને ૨૭ લાખ રૂપિયાથી વધુના ખર્ચે રીનોવેટ થયેલ મકાનો અર્પણ કરાયાં..

❖ કચ્છ યુનિવર્સીટી દ્વારા અંતરિયાળ વિસ્તારમાં દીકરીઓને ભણવા માટે સેન્ટર શરૂ કરવામાં આવશે.

❖ ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટયુટ દ્વારા વિજાપુરમાં મહિલાઓના નિદાન માટે ટી.બી.હોસ્પિટલ ખાતે ફ્રી કેમ્પ યોજાયો..

❖ મહેસાણામાં જિલ્લા ડિઝાસ્ટ્રર કચેરી ખાતે ગરમીથી બચવા લોકો માટે કંટ્રોલ રૂમ શરૂ કરાયો, ટોલ ફ્રી નંબર 1077 જાહેર કરવામાં આવ્યો.

## KUTCH- BHUKAMP

કચ્છ જીલ્લાના ભચાઉ તાલુકાના નરા વસટવા ગામે આજે સવારે 8 વાગીને 14 મિનિટે 3.7ની તિવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.. અમારા કચ્છ જીલ્લાના પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે કે, રાપરથી 18

કિલોમીટર દૂર, પશ્ચિમ- દક્ષિણ દિશાએ ભૂકંપનું ઉદભવ બિંદુ નોંધાયું હતું. આ આંચકાની અસર આસપાસના ગામોમાં પણ અનુભવાઇ હતી. જો કે, કોઇ જાનમાલને નુકસાન થયાના અહેવાલ નથી.

# GUJ. KHO- KHO SPRDHA

ખેલ મહાકુંભ 2.0 ની રાજ્ય કક્ષાની 17 વર્ષથી ઓછી ઉંમરના ભાઈઓની ખો-ખો સ્પર્ધા સુરેન્દ્રનગરના લીમડી ખાતે યોજાઇ ગઇ.. જેમાં પંચમહાલ જિલ્લાની પ્રથમ, ડાંગ જિલ્લાની દ્વિતીય અને મોરબીની ટીમને તૃતીય સ્થાન મળ્યું હતું.

છોટા ઉદેપુર જિલ્લાના ભોરદા ગામના રેશલા રાઠવાએ ખેલ મહાકુંભમાં રાજ્યકક્ષાની ૬૦૦ મીટર દોડમાં સુવર્ણ, ૪૦૦ મીટર દોડમાં રજત ચંદ્રક અને રિલે દોડમાં સુવર્ણ ચંદ્રક મેળવી છોટાઉદેપુર જિલ્લાનું નામ રોશન કર્યું છે..

# SWACHHTA ABHIYAN

ગાંધીનગરમાં ધોળેશ્વર બ્રિજ સાબરમતી નદીના કિનારે આજે સદગમય મિત્રો દ્વારા "સાબરમતી કોલિંગ" અભિયાન અંતર્ગત સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું,. આ અભિયાનમાં 15 વર્ષથી માંડીને 75 વર્ષના 175 જેટલા વડીલો- યુવાનો જોડાયા હતા.

આ અભિયાનમાં 45 કોથળા ભરીને પ્લાસ્ટિક સહિતનો કચરો ભેગો કરવામાં આવ્યો. જેનો ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં સદગમયના કાર્યકર્તાઓ દ્વારા સ્વચ્છતાના શપથ લઇ પ્લાસ્ટિકના શક્ય એટલા ઓછા ઉપયોગ માટે કટિબદ્ધ થયા હતા.